એસ.એસ.સી. પરીક્ષાનું પરિણામ ઓછું આવતાં અસર પામતા કે છુટા થવાપાત્ર બીન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બીન શૈક્ષણિક કર્મચારીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ માટે મૂળ જગ્યા પર યથાવત ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૦૪-૨૪૭૦-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 24 MAR 2006

વંચાણમાં લીધાઃ-

૧. શિક્ષણ વિભાગનો તા. ૬.૧.૯૯ નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૯૭-૨૧૦૮-ગ.

૨. કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરીનો તા. ૨૮.૧૦.૨૦૦૨ નો પત્ર ક્રમાંકઃ અનદ-૧-ઘ-૧૭૨૫૮.

૩. શિક્ષણ વિભાગનો તા. ૬.૯.૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૦૪-૨૪૭૦-ગ.

ઠરાવ :-

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષા, માર્ચ - ૨૦૦૨, નું પરિણામ ઓછું આવતાં અનુક્રમે સને ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ ના શૈક્ષણિક વર્ષમાં ધોરણ- ૧૧ અને ધોરણ- ૧૨ ના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થવા પામેલ. માર્ચ- ૧૯૯૭ માં લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષાનું પરિણામ ઓછું આવતાં, વિદ્યાર્થી સંખ્યા ઘટવાને કારણે અસર પામતાં કે છુટા થવાપાત્ર બીન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એમ સંયુક્ત શાળાઓના બીન શૈક્ષણિક કર્મચારીઓને છૂટા નહીં કરતાં રક્ષણ આપવા તેમજ તેઓને મૂળ જગ્યા ઉપર યથાવત ચાલુ રાખવાની ગુજરાત રાજ્ય બીન સરકારી માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ તરફથી સરકારશ્રીમાં રજુઆત થયેલ. આ રજુઆતના સંદર્ભે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના ઠરાવથી બીન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એમ સંયુક્ત શાળાઓના બીન શૈક્ષણિક કર્મચારીઓને સને ૧૯૯૭-૯૮ અને ૧૯૯૮-૯૯ ના શૈક્ષણિક વર્ષ પૂરતા ચાલુ રાખવાનું નક્કી થયેલ. ત્યારબાદ માર્ચ-૨૦૦૨ માં લેવાયેલ એસ.એસ.સી. પરીક્ષાનું પરિણામ ૧૭.૧૦ % જેટલું ઓછું આવતાં વર્ષ ૨૦૦૨-૦૩ માં ધોરણ- ૧૧ તથા ૨૦૦૩-૦૪ માં ધોરણ- ૧૨ માં પ્રવેશ પામનાર વિદ્યાર્થી સંખ્યા ઘટવા પામેલ. બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓનું મહેકમ માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થી સંખ્યાબળ પર આધારિત છે. આથી અસામાન્ય સંજોગોમાં વિદ્યાર્થી સંખ્યામાં નજીવો ફેરફાર થતા મહેકમમાં ફેરફાર થવાપાત્ર બને છે અને તેના કારણે કેટલાંક બિનશૈક્ષણિક કર્મચારીઓને પાયરી ઉતાર કે છુટા થવાના કે ફાજલ થવાના પ્રસંગ ઉપસ્થિત થાય છે અને વહીવટી મુશ્કેલી ઉભી થાય છે. જે સંજોગોમાં વિદ્યાર્થી સંખ્યામાં ૧૦% જેટલો ઘટાડો થાય તો તે બાબત ધ્યાને લઇ પાયરી ઉતાર ન આપવા તથા નોકરીમાંથી છુટા નહીં કરતાં તેમને મુળ જગ્યા પર ચાલુ રાખવા કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી દ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨) માં દર્શાવેલ પત્રથી સરકારશ્રીને ભલામણ સહ દરખાસ્ત કરવામાં આવેલ. આ બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

દરમ્યાનમાં, માર્ચ- ૨૦૦૪ માં લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષાનું પરિણામ ઓછું આવતાં અસર પામતા કે છુટા થવાપાત્ર બીન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓને સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના શૈક્ષણિક વર્ષ માટે મૂળ જગ્યા પર યથાવત ચાલુ રાખવા સરકારશ્રીને મહામંડળ દ્વારા રજુઆત મળતાં વિભાગના તા. ૬.૯.૨૦૦૪ ના ઠરાવથી, અગાઉના તા. ૬.૧.૯૯ ના ઠરાવથી જે લાભ આપવામાં આવેલ, તે યથાવત લાગુ પાડવાનું નકકી થયેલ. આમ, જ્યારે માર્ચ- ૨૦૦૪ ના એસ.એસ.સી.ના પરિણામને લીધે ઉભી થયેલ પરિસ્થિતિના નિવારણ માટે વિચારણા કરવામાં આવેલ છે ત્યારે માર્ચ- ૨૦૦૨ ના એસ.એસ.સી.ના પરિણામને કારણે ઉભી થયેલ પરિસ્થિતિના નિવારણ માટે નિર્ણય થવો અનિવાર્ય થઇ પડેલ, અન્યથા અસર પામતા બિનશૈક્ષણિક કર્મચારીઓને કારણે ઘણા વહીવટી પ્રશ્નો ઉદભવે. વળી, સને ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ નું શૈક્ષણિક વર્ષ પુરુ થયેલ છે તેથી હવે કાર્યોત્તર મંજુરી આપવાનો પણ પ્રશ્ન રહેતો નથી, આ એક વહીવટી બાબત છે અને આ બાબતે સરકારશ્રી કક્ષાએ પુખ્ત વિચારણાને અંતે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એમ સંયુકત શાળાઓ તથા માત્ર જે કિસ્સામાં માત્ર બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા જ ચાલતી હોય, તે કિસ્સામાં, માર્ચ ૨૦૦૨ ની એસ.એસ.સી.ની પરીક્ષાનું પરિણામ ઓછું આવતાં કેટલાંક બિનશૈક્ષણિક કર્મચારીઓને પાયરી ઉતાર કે છુટા થવાના કે ફાજલ થવાના પ્રસંગ ઉપસ્થિત થયેલ છે તેને પરિણામે અનેક વહીવટી મુશ્કેલી ઉભી થયેલ છે તેના નિવારણ માટે, માત્ર એસ.એસ.સી.ના પરિણામને કારણે સને ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ ના શૈક્ષણિક વર્ષ પુરતું, માત્ર ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વિદ્યાર્થી સંખ્યામાં ૧૦% જેટલો ઘટાડો થાય તો તે બાબત ધ્યાને લઇ પાયરી ઉતાર ન આપવા તથા નોકરીમાંથી છુટા નહીં કરતાં તેમને મુળ જગ્યા પર ચાલુ રાખવાની કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરીની દરખાસ્તને આથી મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રીની તા.૨૨.૩.૦૬ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.પી.લવિંગીયા )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ ( તેમના હસ્તકની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધ્યાનમાં લાવવાની વિનંતી સાથે. )
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ, મોડાસા, જી. સાબરકાંઠા.
  સીલેકટ ફાઇલ.